R.N.I.No. : 11555/1966
Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

Vol No. 58 Issue No. 5
AUGUST - 2014

## અહંકાર

વરસાદ ધોધમાર વરસતો હતો અને રસ્તા પર ચાલી રહેલા નટુભાઈએ વરસાદમાં પલળી રહ્યા હતા. આશ્ચર્ય એ હતું કે એમણે પોતાના હાથમાં છત્રી રાખી હતી. સામેથી આવતા એમના મિત્ર સુરેશભાઈએ આ જોયું અને એમણે નટુભાઈને રસ્તા પર જ ઊભા રાખી દીધા.

નટુભાઈ ! વરસાદમાં પલળી રહ્યા છો કે પછી હાથમાં રહેલી છત્રી ખોલતા કેમ નથી ?

એમાં કાણાં ખૂબ પડી ગયા છે ?

તો પછી હાથમાં રાખી શું કામ ?

અલ્યા ભાઈ ! લોકોમાં વટ તો પડે ને કે આપણે કાંઈ સાવ કડકા નથી ! છે આપણી પાસે છત્રી તો એનો ઉપયોગ કરીએ, ન કરીએ એ આપણી મરજીની વાત છે.

નટુભાઈનો જવાબ સાંભળી સુરેશભાઈએ ત્યાંથી ચાલતી પકડી. બોઈંગ ૮૦૦ માઈલની ઝડપે જતું હોવા છતાં એ એટલો અવાજ નથી કરતું જેટલો અવાજ પાંચ કિ.મી.ની ઝડપે જતી રિક્ષા કરે છે. લંબાઈવાળો જેટલો ગાજે છે એટલો ગહરાઈવાળો ક્યારેય ગાજતો નથી. સંસારમાં બહુજનવર્ગ જેને સુખ માની બેઠો છે એ સુખનું નામ જ અહંકાર છે. અહંકારની એક ખાસિયત આ છે કે એ સતત પોતાને જ કેન્દ્રમાં રાખવા મહેનત કર્યા કરે છે.

મનુષ્યગતિનું આયુષ્ય પૂરું થયા પછી ? મુંબઈમાંથી અમદાવાદ જાય પછી ? સુખમાંથી દુઃખનાં આવી જાય પછી ? ક્યાં ટકે છે અહં ? વ્યર્થ ત્રાસથી જાતને મુક્ત કરી દેવી છે ? તો દુઃખને સ્વીકારી લો પણ આ અહંને તો એક પળ માટે ય ઉભો ન રહેવા દો. એની સાથે લેશ મુલાયમતાભર્યો વ્યવહાર ન કરો. અહંકારુઓ પછી,

જીવન જીવવાની કેવી મજા આવે છે.

**સંકલન**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ-સંચાલિત
## શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી) પુરસ્કૃત

# ટેલીફોન ડીરેકટરી ૧૧મી આવૃત્તી

આ વર્ષે સંઘે ટેલીફોન ડીરેકટરીની ૧૧મી આવૃત્તીનું પ્રકાશન કરવાનું નક્કી કર્યુ છે. જેની આપ સૌને જાણ છે જે માટે આપ સૌના સાથ અને સહકારની જરૂર છે.

ડીરેકટરી માટે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧-૮-૨૦૧૪ રાખેલ છે. તેની સર્વેએ નોંધ લેવી. આ તારીખ પછી ફોર્મ લેવામા નહિં આવે.

જેમણે ફોર્મ નથી ભર્યા એમના નામ આ આવૃત્તીમાં નહિ છપાય. જૂની આવૃત્તીમાં જે નામ અને નંબર આપેલા હતા એ પ્રમાણે નવી આવૃત્તીમાં નહિ છપાય.

વહેલી તકે ફોર્મ ભરીને નીચેના સ્થળે મોકલી આપવા વિનંતી.

**ફોર્મ આપવાના સ્થળો :**

૧) **શ્રી બાલાસિનોર નવયુવક સંઘ :** ૧૧૮/૧૨૦ અર્દેશર દાદી સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ - ૪૦૦૦૦૪.
**ફોન : ૨૩૮૮૭૦૦૬૨) અથવા ઈમેઈલ કરો આના પર balasinor.navyuvaksangh@gmail.com**

૨) **નવભારત ટ્રેડીંગ કાું. :** ૩૩, દેવકરણ મેન્શન કમ્પાઉન્ડ, યુનીયન બેંક ઓફ ઈન્ડીયાની બાજુમાં, લુહાર ચાલ, મુંબઈ - ૨, મો. ૯૩૨૨૩૦૧૦૨૪, **ટે.નં. ૨૨૦૧૮૩૨૬**

૩) **શૈલેશ ટુલ્સ એન્ડ હાર્ડવેર માર્ટ :** ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ૨જે માળે, મુંબઈ - ૩.
**ટે.નં. ૨૩૪૦૦૫૦૨, મો. ૯૯૨૦૨૧૩૪૨૬**

૪) **દોશી અજય પ્રવીણચંદ્ર :** બી-૧૨, નવરીલપવાની, લલ્લુભાઈ પાર્ક રોડ, (Ext.1) ઈરલા, વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ - ૫૬., મો. ૯૮૧૯૩૪૨૮૫૬, **ટે.ને. ૨૬૨૦૩૧૭૪**

૫) **કડકીઆ ગોપાલ રમણલાલ :** ૫/૫૦૧, જ્ઞાન દર્શન, એસ.વી.પી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ- ૬૭.
**ટે.નં. ૨૮૦૭૧૪૦૬, મો. ૯૮૧૯૫૦૭૪૫૨**

૬) **નીલેશ નવવીતલાલ શાહઃ** સી-૧૪, સરદાર સ્મૃતી, એસ.વી.પી.રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૯૨.
**ટે.નં. ૨૮૯૨૬૪૯૧ , મો. ૮૦૮૨૪૩૨૦૧**

**મંત્રી** — **શ્રી ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાળા)**

**સંયોજક / સહમંત્રી** — **શ્રી જસ્મીન બીપીન શેઠ (અત્તરવાલા)**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
| --- | --- | --- |
| ૫૮ | ૫ | ૨૧-૦૮-૨૦૧૪ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

બંકિમ પરીખ / જતીન ન. દેસાઈ

જીગર કડકીઆ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**

**એ. કે. એન્ટરપ્રાઇઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


**તંત્રી મંડળ તરફથી**

# સ્મશાન વૈરાગ્ય

**- બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

પવિત્ર શ્રાવણ મહિનામાં કલ્યાણકારી શિવજીની વિશેષરૂપે પૂજા અર્ચના થાય છે. સ્મશાનનો દેવતા જેણે શરીરે રાખ અને ગળામાં ખોપડીની માળા ધારણ કરી છે. ફક્ત એક લોટો જળનો અભિષેક કરવાથી પ્રસન્ન થઈ જાય છે એટલે તો ભોળાનાથ કહેવાય છે. જ્યારે જ્યારે વરસાદ ખેંચાઈ જાય છે, રૂઠી જાય છે ત્યારે બાબુલનાથ જેવા પ્રતિષ્ઠિત મંદિરોમાં શિવલિંગને જળમાં ડૂબાડવાનો સંકલ્પ થાય છે અને પૂજા પરિપૂર્ણ થતા મેઘકૃપા થાય છે. ઈશ્વરે મનુષ્યને બુદ્ધિ, વિવેક, વગેરે આપ્યા છે. અને એટલે જ શરીર-સાધન દ્વારા ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે છે. મનુષ્ય દેહ ધારણ કરીને ઈશ્વરે આ સંસારના સર્વ દુઃખ, પીડા, તકલીફો, વિરહ, માતૃવિયોગ, કુટુંબ વિયોગ, દુઃખોની પરાકાષ્ઠા ભોગવી છે. ચૌદ વર્ષ રામ વનમાં રહ્યા, કાજળકાળી રાત્રિએ કૃષ્ણ જેલમાં પ્રગટ થયા, મનુષ્યદેહમાં રહેલા વિકારોરૂપી રાક્ષસો સામે લડયા, પરાસ્ત કર્યા. મનુષ્યરૂપે સર્વમાં કંઈકને કંઈક ત્રુટિ, ખોટ, દુર્ગુણ, વિકાર હોય જ છે. જીવનના વિધ-વિધ તબક્કાઓમાં સારા નરસા પ્રસંગે દરેકને એનો અહેસાસ પણ થાય છે...

તમારા ભાઈ શ્રીજીચરણ પામ્યા છે. શ્રી વલ્લભ, શ્રી વલ્લભ, કોને જવાનું હતું ને કોણ ચાલ્યું ગયું. મારા કંધોતર દિકરા તે મને આવો દગો દીધો ? મારા રામ-લક્ષ્મણની જોડી તૂટી ગઈ. જૂઓને તમારો દોસ્ત ઢોંગ કરીને સૂઈ ગયો છે એને જરા ઢંઢોળોને. સુખના દિવસો આવ્યા ત્યારે ચાલ્યા ગયા, અહીં કરતાં ત્યાં એમની

વધારે જરૂર હશે. આ છોકરાં નોધારાં થઈ ગયા હે ભગવાન આવો અન્યાય. અરે યાર આવો જેન્ટલમેન મળે નહીં હોં. પેલો તોફાની બારકસ ત્રીજે માળ થી ત્રણવાર પડયો તો બચી ગયો અને આ ડાહ્યોડમરો મોટોભાઈ પહેલેમાળથી પહેલીજ વાર પડયો ને ખલાસ થઈ ગયો. હાય હાય સવારે ફોન માં વાત કરી ત્યારે તો તબિયત માટે ક્યાં કોઈ ફરિયાદ હતી? જીવની ગતિ શું? ઑલિયા જેવા મોટા સંતમહારાજને ફોન માંજ પૃછા કરી લીધી તો જાણવા મળ્યું, ભાઈ તો વૈકુંઠમાં રમતો થઈ ગયો છે. જીવનનું સનાતન સત્ય છે કે જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. કહે છે જ્યાં ભોંયકુંડાળી નિશ્ચિત હોય છે તે જ સ્થળે જઈને માણસ મૃત્યુ પામે છે. મોતનો મલાજો નથી જળવાતો ત્યારે માણસ દુનિયામાં નફરત કરતો થઈ જાય છે. પંચનામું કર્યા વગર ડેડબોડી નહીં હટાવાય. પહેલાં હોસ્પિટલનું બીલ ચૂક્તે કરો પછી ડેડબોડી લઈ જાવ. ચૂપચાપ બેઠા રહેજો, કોઈ રડતાં નહીં, નહીં તો આગલા સ્ટેશને ઉતારી દઈશ, બિમાર છે એમ સૂવાડી રાખો, મારી નોકરીનો સવાલ છે. ચક્ષુદાન થઈ જાય ત્યાં સુધી છાના રહો, ઈશ્વર સ્મરણ કરો.

પોતાના સ્વજન ગુમાવ્યાનું દુઃખ દરેકને હોય છે. હૈયા ફાટ રુદન, આક્રંદ, ડૂસકાં, નિરાશા અને ગમગીનીથી ઘરની ઈંટ ઈંટ શોકાતુર બની જાય છે. કઠણ કાળજાનો માનવી પણ ભાંગી પડે છે.

સળગતી ચિતા સામે બેઠેલો સ્વજન ગુમસુમ થઈ જાય છે. શૂન્યમનસ્ક બની જાય છે. એકલતા કોરી ખાય છે. સંબંધોનો ખાલીપો સ્વીકાર્ય નથી બનતો. મન ચકડોળે ચડી જાય છે. કંઈ કરતાં કંઈ ગમતું નથી. બધું નકામું લાગે છે. આ દુનિયા, આ ઘર, સર્વત્ર, શું લઈ જવાનું છે સાથે? આમ અંતે લાકડામાં ભસ્મીભૂત જ થઈ જવાનું છે. હવેથી હું ક્યારેય આટલી જીદ કરીને મારી પત્નીને બાળકોને હેરાન નહીં કરું. મારા દેવતા જેવા શેઠ ને હું શા માટે આટલો હેરાન કરું છું? શું સાસરાપક્ષ ને શું પિયરપક્ષ છેવટે તો બધે ભગવાનના બનાવેલા માણસો જ છે ને તો ભેદભાવ કેવો? આખા દિવસમાં ચાર ચાર કલાક પોલિટિક્સ રમી રમીને મેં કંપનીને કેટલું નુકસાન કર્યું છે. આ બધું હવે મૂકી દેવું છે બસ ઈમાનદારી થી જે મળે તેમાં ખુશ રહેવું છે. સત્તાની ખુરશી માટે હું આટલો લાચાર બની ગયો, આટલી નીચી પાયરીએ ઉતરી ગયો? માટે કોઈ સ્ટેટસ નથી જોઈતું. મને કોઈ અવળચંડાઈ, આડોડાઈમાં રસ નથી. હું આવું નકામું જીવન શા માટે જીવું છું? કેટલાને ડરાવ્યા, ધમકાવ્યા, લડાવ્યા, હેરાન કર્યા મારી ખુશી માટે મારા સંતોષ અને સ્વાર્થ માટે. આ બધું ક્યાં લઈ જવાનું છે? અહીં સ્મશાનમાં.....

સ્વજનનું મૃત્યુ થવાથી પોતાની નજર સામે સ્વજનને ભડભડ બળતા જોઈને માણસને સંસારમાંથી, જીવનમાંથી અચાનક થોડી ક્ષણ, થોડી મિનિટો માટે રસકસ ઉડી જાય છે. ઉદાસીભર્યા તેમજ જીવનની સચ્ચાઈ સમજાવતા વિચારો ઘેરીવળે છે. માણસની આ સ્થિતિને સ્મશાન વૈરાગ્ય કહેવામાં આવે છે.

સ્મશાનમાં, અચાનક ઘરના વડીલનો અવાજ સંભળાય છે, આપ સૌને નમ્ર વિનંતી કે તમારી લાગણીઓની અમે કદર કરીએ છીએ. પરંતુ અમે પ્રાર્થના-સભા રાખી નથી. અમારા સ્વજનના આત્માની શાંતિ અર્થે તમે સૌ તમારા ઘરે જ પ્રાર્થના કરી લેશો વાત સાંભળીને મન પાછું, વ્યવહાર જગતમાં પરોવાઈ જાય છે.

સ્મશાનને દરવાજે પહોંચતા બહારની હવાનો સ્પર્શ થાય છે. મન પાછું એકદમ જાગ્રત થઈ જાય છે. શરીર ટટ્ટાર અને મુખાકૃતિ નિર્લેપ બની જાય છે. સ્પષ્ટ વિચારો ગોઠવાતા જાય છે. વળી પાછી જીવનની, દુનિયાદારીની ABCD ચાલુ થઈ જાય છે. ફરી થોડા જ સમયમાં જેવા હતા તેવા જ પાછા થઈ જવાય છે.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## ગિરિ પૂજા 'કોકીલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)
# જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થીભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતિની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરિઆતમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ સંપૂર્ણ વિગતો વાલીની સહી લઈ ઓફિસમાં તા. ૧૫.૯.૨૦૧૪ પહેલા આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય. આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરિયાતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશે તેવી આશા.

ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ : શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફિસે. ઓફિસ સમય દરમ્યાન (સોમ થી શનિ) બુધવાર સિવાય બપોરે ૩ થી ૭ રવિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી. અને શ્રી બાલાસિનોર પ્રગતી સમાજની ઓફિસે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી (સોમ થી શનિ). ફોર્મ સાથે ઝેરોક્ષ માર્કશીટ અને ફી રીસીપ્ટ આપવી જરૂરી છે.

**મંત્રી - ભાવેશ મોદી (ઠાસરાવાળા)** **સંયોજક - દિપક નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા)**

# પુરૂષાર્થ, પ્રાર્થના અને પ્રસાદ

-શૈલેષ કી. દેસાઈ

શાસ્ત્રીય સંગીત સાંભળીએ એટલે શ્રવેણાન્દ્રીયની શુદ્ધિ થાય, પુષ્પોમાં રજનીગંધા, ગુલાબ અને મોગરાની સુગંધ માણીએ એટલે નાશિકાન્ત શુદ્ધ થાય, ફુવારો કે ધોધ નિહાળીયે ત્યારે નયન શુદ્ધિ થાય છે. સંગીતમય ગાવાથી ને પવિત્ર પ્રસાદથી જીભની શુદ્ધિ થાય આમ પાચેન્દ્રીયો પછી શુદ્ધ જ્ઞાન આવશ્ક છે, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર ને હૃદય આ બધા અંતઃકરણ અંતરાત્માના અંગ છે. અંતરાત્મા અને અંતઃકરણની શુદ્ધિ શું કરવાથી થાય ? બસ એજ પ્રભુ પ્રાર્થના.

## પ્રાર્થના એટલે શું ?

**પ્રાર્થના એટલે :** અરજ, વિનંતી, નમ્ર માગણી પ્રભુની સ્તુતિ , અભ્યર્થના ને ઉપાસના, ભક્ત અને ભગવાન સાથે સીધી વાતચીત, પોતાની જાતને પોતેજ પામવાનો પરમ પથ, પ્રભુ સાથેનું તાદાત્મ્ય છે. પરમાત્મા સાથે ગોષ્ઠિ, પરમઆત્માનું ચિંતન અને અનુભવ,

**દુર્ગણનુ :** પોતાના ચિંતન અને પરમાત્માના ઉપકારનું સ્મરણ, પરમાત્મા સાથે પહોંચવાની પાંખ છે, પતિતનો પુનસ્થાન માટે પોકાર છે, શોકગ્રસ્થ મનના વમળનો જીવનનો સહારો છે, પાપ ધોવાનું વિપુલ ઝરણું છે, દુઃખીનો દિલાસો અને નિર્ધનનું ધન છે, કલ્યાણનો કળશ, કામધેનુ ગાય અને કલ્પદ્મવૃક્ષ છે., વિકસતા, આત્માનો પરિમલ છે, આધિ, વ્યાધિ ને ઉપાધિનું ઓષધ છે.

ગાંધીજીના મતે શરીરને જેમ ખોરાકની જરૂર છે તેમ આત્માને પ્રાર્થનાની જરૂર છે. રમણ મહર્ષીના મતે મનને ઉધાર દેવુ એટલે પ્રાર્થના.

પ્લેટોએ કહયું છે અખિલાઈની આરાધના, પ્રેમ અને અખંડ આનંદ એટલે પ્રાર્થના. કુરાન કહે છે પ્રાર્થના- નમાઝ માણસને દુષ્ટતાથી દૂર રાખે છે.

બાઈબલમાં લખ્યું થે કે અંતરાત્માના ઊંડાણમાંથી થયેલી પ્રાર્થના માગ્યાથી વિશેષ ફળ આપે છે.

કુરાન એ પણ કહે છે કે દુનિયા ધારે છે તેના કરતા પણ વધુ પ્રાર્થનાથી સિદ્ધ થાય. રજનીસના મતે પ્રેમ સ્વયંમ પ્રાર્થના છે. સત્ય તરફ જવુ હોય તો નિર્મળ બની જવુ પડે, ખાલીખમ થઈ જાય, અંદરની કામનાઓને સ્પૃહાઓને મહત્વકાંક્ષાઓને, અહંમને પુરેપુરા દૂર કરતા કરતા સાધકની ખરી સાધના-પ્રાર્થના શૂન્યતા પાસે અટકતી હોય છે.

મીરા, નરસિંહ અને વિવેકાનંદ જેવા ભક્તોની પ્રાર્થનામાં નમ્રતા હતી તેથી જ પ્રભુએ સાંભળી સફળતા પ્રાપ્ત થઈ, આવી પ્રાર્થનાનુ મૂલ્ય ખુબ ઊંચુ છે. પ્રાર્થનાથી બળ મળે છે, હતાશા દૂર થાય છે. આપણામાં રહેતા ચૈતન્યને જાગૃત કરવા સવારે કે સાંજે જરૂરથી પ્રાર્થના કરવી જોઈએ, સ્વામી વિવેકાનંદ ઉપનિષધ ને ગીતાની વાણીમાં કહે છે કે All Power is within you with these you can do anything & everything" ભગવાન બુદ્ધે કહયું છે કે જ્ઞાનનો પ્રકાશ તો તારી અંદર છે તેને બહાર તીર્થસ્થળ કે મંદિરે જે શોધે છે તે અજ્ઞાની છે. ગીતામાં કૃષ્ણે કહયું છે કે જે મને પત્ર, પુષ્પ, ફળ કે જળ ભક્તિથી આપે છે (પ્રાર્થના દ્વારા) તે શુદ્ધિચિત્તવાળાનું ભક્તિપૂર્વક આપેલુ હું સ્વીકારું છું. (અ.૯, શ્લોક - ૨૬) પ્રાર્થના અને પુરુષાર્થ સ્વપ્રયત્નથી માણસ કરે છે ને સફળતા મેળળવા બધાજ પ્રયત્નો કરે છે. પણ તેમા નિષ્ફળતા મળતા, હતાશા,

નિરાશા તેને ઘેરી વળે છે. પરિણામે રોગો અને મનની અસ્થિરતા, અશાંત જીવનને કોરી ખાય છે છેવટે માણસ પ્રાર્થનાને શરણે જાય છે.

પરીક્ષા આવ્યા પછીને પરિણામ પૂર્વે વિદ્યાર્થી શું કરે છે. ? પ્રાર્થના !

ઓપરેશન પછી ડૉકટર છેવટે રાહજોતા Visitors ને શું કરવા કહે છે ? પ્રાર્થના !

બધા જ પ્રયત્નો ને અથાગ પરિશ્રમ પછી ફળ માટે માનવી શુ કરે છે ? પ્રાર્થના !

આત્માને સદ્ગતી મળે તે હેતુથી રામ-નામ સત્ય હૈનો પોકાર શબ માટે કરે છે.

કુસુમાંજલિમાં લખ્યુ છે કે પ્રાર્થનાનો સામાન્ય અર્થ 'પ્ર' એટલે શ્રેષ્ઠ અને અર્થ એટલે ઈચ્છા એટલે કે શ્રેષ્ઠની ઈચ્છા માટે વિનંતી કરવી એટલે પ્રાર્થના.

ભગવદ ગોમંડલમાં લખ્યું છે કે પ્રાર્થના એટલે પ્રેમની યાચના, પ્રાર્થના એટલે વિનંતી, આજીજી, કાલાવાલા, અરજ કે ભગવાનને ઈચ્છા પૂરી કરવા કહેવુ એક માંગ છે.

કાર્યમાત્ર માટે પુરૂષાર્થ પૂર્વશરત છે, નદીને પાર કરવા કિસ્તીની જરૂર પડે, મોટરને ગતિશીલ રાખવા પેટ્રોલની જરૂર પડે, દિવસને અજવાળાની જરૂર પડશે, સાડીના શણગાર માટે પાલવની જરૂર પડશે, રાત્રિની શોભાવૃદ્ધિ અર્થે ચંદ્રની જરૂર પડશે, અંધારાને દૂર કરવા પ્રકાશની જરૂર પડશે. સુશીલ જીવન જીવવા સંસ્કારોની જરૂર પડશે. દીવાને જવલંત રાખવા તેલની જરૂર પડશે. કર્મોમાં કુશળતા એ યોગ છે. પુરૂષાર્થ કરી પ્રભુકૃપાથી પ્રાપ્ત થતી પ્રસાદીને પામવું એટલે પુરૂષાર્થ. પછી પ્રાર્થના કે પ્રભુકૃપાને પ્રાધાન્ય આપી પ્રગતિના પંથેને પ્રકાશિત કરીએ. પુરૂષાર્થ અને પ્રાર્થના એક સિક્કાની બે બાજુ છે આપણે સૌ પુરુષાર્થનો પાલવ પકડી હૃદયમાં પ્રભુને બિરાજીત કરી સદ્કર્મ તરફ સતત કર્મિષ્ઠ રહીએ તેવી પ્રભુ પ્રાર્થના. ટૂંકમાં ફક્ત પ્રાર્થના કરવાથી ફલ પ્રાપ્તિ થતી નથી. આળશ નિષ્ક્રયતા, નિરુદ્યમીપણું તથા કાર્યવિમુખતા અધોગતિની નિશાની છે. તે માનવ જીવનના શત્રુ છે. મનુષ્ય જીવનને ધબકતુ રાખવા માટે જેમ ફેફસાની આવશ્યકતા છે તેમ જીવન વિકાસ અર્થે પુરુષાર્થ પ્રથમ અને પછી પ્રાર્થના-પ્રભુકૃપા માટે એટલા જ આવશ્યક છે. ગાંધીજીએ કહયું છે કે હું ખોરાક વગર જીવી શકુ પણ પ્રાર્થના વગર નહી. સદ્શ્રી સ્વામિ પ્રેમાનંદજી સદ્શ્રી બ્રહ્માનંદજી, સદ્શ્રી મુક્તાનંદજી અને સદ્શ્રી સ્વામી બાપા કૃત પ્રાર્થનાઓ આજેય મંદિરોમાં અને ઘરે ઘરે ગવાય છે. અને સંતો સત્સંગીઓના હોઠ પર હંમેશા ગુંજે છે. આમ સ્વામીનારાયણ સંપ્રદાયમાં પણ પ્રાર્થનાનું આગવું મહત્વ છે. અમેરીકા જેવા શિક્ષિત દેશમાં એક સર્વેક્ષણ પ્રમાણે ભગવાનમાં શ્રદ્ધા ધરાવતા લોકો કરતા નહી ધરાવતામાં ૫૦ ટકા હૃદયરોગનું પ્રમાણ વધારે હોય છે તેજ રીતે ચર્ચમાં જનારાઓ કરતા નહી જનારાઓનુ આત્મધાત કે આપઘાતનું પ્રમાણ ૫૦ ટકા વધારે છે.

પામુ હું અન્યથી, તેથી વધુ હું આપતો રહુ
આટલી પ્રાર્થના મારી પ્રભુ તુ માન્ય રાખજે.

પ્રાર્થનાના શબ્દો કરતા, શબ્દો વગરની પ્રાર્થના ચડીયાતી હોય છે. પોતાની જાત માટે કરેલી પ્રાર્થના કરતા બીજા માટે કરેલી પ્રાર્થના ચડીયાતી હોય છે. શ્રીમદ્ રામચંદ્ર, વિનોબા ભાવે, અખંડ આનંદજી, હનુમાન, નારદ, કબીર, તુલસીદાસ, સૂરદાસ,

રામકૃષ્ણ પરમહંસ, પૂજ્ય ડોંગરે મહારાજે વગેરે એ જે પ્રાર્થના કરતા હતા તેનો મહીમા અપરંપાર છે. પ્રાર્થનાથી વિનય, વિવેક, નમ્રતા, દયા, લાગણી, પરોપકારના ગુણો માણસમાં આવે છે. સવાર સાંજ પ્રાર્થનાથી ઉર્જાનો સંચાર થાય છે.

**અધુરં મધુરં, ગમન મધુરં, નયનં મધુરં, હસિતં મધુરં, હૃદયં મધુરં, ગમને મધુરં, મધુરાધિપતે અખિલં મધુરં.**

પ્રાર્થનાથી મનમાં શાંતિ પ્રાપ્ત થાય છે. મહિલાઓ પ્રાર્થના ગવડાવતી હોય અને પુરુષો હોંશે હોંશે ઝીલી લેતા હોય ત્યારે દુઃખ દરવાજા પાસે ડોકીયું કરી ભાગી જાય છે.

**વિપત્તિમાં કરો રક્ષા ને એવી મારી પ્રાર્થના,**
**વિપત્તિથી ડરુ ના કદી, એ મારી પ્રાર્થના,**
**મારુનાક તમારે હાથે સંભાળજો જે કરી,**
**મુજનો પોતાનો જાણી, પ્રભુ મને સંભાળજો રે.**
**નૈયા ઝુકાવી મેં તો જો જે ડૂબિ જાયના,**
**ઝાંખો ઝાંખો દિવો મારો જોજે બુઝાયના.**

દુનિયામાં ત્રણ ધર્મોમા માનનારો વર્ગ બહુ મોટો છે. પ્રથમ કેથેલીક, બીજો ઈસ્મામ-મુસ્લીમ ને ત્રીજો જૈન, જેમાં પ્રાર્થના દરમ્યાન શિસ્ત ખૂબજ હોય છે. શિસ્તમાં મૌન, સમય બદ્ધતા ને એકાગ્રતાને જ મહત્વ અપાય છે. કેથોલિકો ચર્ચમાં Holly Poem ગાતા હોય છે. ઈસ્લામ ધર્મમાં દિવસમાં પાચ વાર નમાજ પાડવામાં આવે છે. ખૂબ જ રુઢી ચુસ્ત પાલન કરે છે.

આપણા ઘરની પૂજન સામગ્રીમાં તથા દેવ-દેવીઓના મંદિરોમાં પ્રસાદનો મહિમા સવિશેષ છે. ભગવાનને અર્પણ કરેલા ફળો, મેવા, મીઠાઈ કે દૂધ આપણે પ્રસાદ રૂપે ગ્રહણ કરીએ તો કર્મ બંધન કપાય એવી માન્યતા છે. દેવોની પૂજા કરતા ધરાવેલા ભોગોથી તેઓ સંતુષ્ઠ થાય છે તે ઈચ્છિત ભોગો આપે છે. તેથી ઉલટુ જુઓ અર્પણ કર્યા વગર પોતે જ ભોગવે છે તેને ચોર જ સમજવા. અઃ૩., શ્લોક ૧૨-૧૩ ભોગ ધરાવ્યા પછી જે અવરિષ્ઠ પ્રસાદ જે ગ્રહણ કરે છે તે શ્રેષ્ઠ પુરૂષ સર્વ પાપોથી મુક્ત થાય તે ગીતામાં ઉપરોક્ત શ્લોકમાં જણાવ્યું છે. પોતાને માટે રાંધિને ખાય છે. તેતો પાતકનું ભક્ષણ કરે છે. પરમકૃપાળુ પરમાત્માને ધરાવેલી સામગ્રી પર ભગવાનની અમીદ્રષ્ટી પડતાં તે અમૃતમય તથા સ્વાદમય બની જાય છે આથી જ આપણને ભગવાનનો પ્રસાદ મીઠો અને સ્વાદીષ્ટ લાગે છે. સત્ય નારાયણ ભગવાનનો પ્રસાદ કથા પતી ગયા પછી ખૂબ જ મીઠો તથા સ્વાદિષ્ટ લાગે છે. કારણ કે ભગવાનને પ્રેમથી આપેલી વસ્તુનો સ્વીકાર તેને કરવો જ પડે છે. આમાં ભાવ અને પ્રેમ જ અગત્યના છે. જેમ કે શબરીના એઠાં બોર શ્રી રામચંદ્રજી ભગવાને પ્રેમથી આરોગ્યા હતા. તે દુર્યોદનના મીઠાઈ મેવા તથા છપ્પન ભોગનો ભાગ કરી વિદુરજીની ભાજી ખૂબજ પ્રેમથી શ્રી કૃષ્ણભગવાને આરોગી હતી તેજ પ્રમાણે સુદામાજીના પૌઆ ખૂબ જ પ્રેમથી આરોગ્યા હતા. મીરાબાઈના ઝેરના પ્યાલા ખૂબજ પ્રેમથી ગટગટાવી ગયા હતા. સમુદ્રમંથન વખતે મહાદેવજી વિષ પ્રેમથી પી ગયા હતા. ટુંકમા ભગવાને આપણને શારીરીક શક્તિ બુદ્ધિ સમય, જ્ઞાન, ધન, વિ.વિ. બધુજ ભગવાને આપ્યું છે તો તેનો ભાવથી વિવેકપૂર્ણ ભગવાનના કાર્યમાં ઉપયોગ કરવો ને અપશિષ્ટ રહેલા ભાગને પ્રસાદી તરીખે વાપરવી જોઈએ. દરેક પોતાના ઈષ્ટદેવને પ્રેમથી ભોગ ધરાવ્યા પછી જ ભોજન કરવું જોઈએ. ડાબો હાથ આંખની આડે રાખી જમણા હાથે ભગવાનને જમાડી શકાય છે.

❖❖❖❖

# Shree Balasinor Navyuvak Sangh
# Jansathi Trophy Cricket Tournament Year
# 2014 – 2015

**Jansathi 2014-15 Rules :**

[1] Last Date of entry : Saturday, 30th August 2014.
[2] No forms will be accepted after deadline i.e 30th August 2014
[3] Forms will be available and accepted at the following Venues :
**[A] B.N.S. office** [Office hours] Mon-Sat from 3.00pm to 7.00pm & Sun 10.30am to 12.00am.
**[B] Nirav.Desai** c/o Globus Holidays, 68/72 Babu Genu Road, Mumbai -2.
**Contact No: 8108717979.**
**[C] Alpesh Dharia** c/o Bharat Asbestos, 137, Narayan Dhuru Street, Ground Floor, Mumbai -3.
**Contact No : 9833867601.**
[4] Players born on or before 01-08-2000 will be eligible to participate. However under 16 players entries will be selected at the discretion of the committee.
[5] Only 68 players will be picked up for the tournament on First-cum-First Serve Basis.
[6] Participating fees will be RS. 1000=00 for the entire duration of the tournament.
[7] Logistics like Lunch, Umpires, and scores will be arranged for all the matches.
[8] All participants will have to report on the ground at 9.30 AM sharp. Players reporting after 10.15 AM. will not be allowed to play the match in any circumstances.
[9] Any Player who wishes to leave the ground/match will have to take prior permission of the Organizing Committee Members.
[10] Players to compulsory wear White Trouser, White T-shirt/shirt, White Shoes and White socks to play the Tournament. Perfect Cricket Gears will be required as per the rules of the Tournament.
[11] All the matches will be of 40 overs a side. In Case of a TIE, Run-rate will be the criteria to announce the WINNER.
[12] Each bowler will be permitted to bowl 9 overs per match.
[13] Please fill up your forms in all respects like your Capability,Tel no:[Resi/Office & Mobile] etc.
[14] If any player who has to leave the ground for unavoidable circumstances, has to report back within 2 Hrs & this he has to convey to the Convener/Captain & Opp. Team's Captain.
[15] B.N.S. has got all the rights to amend the above rules & regulations without any prior notice to the players.
[16] Due to non-availability of the grounds on Sunday's, Matches might be organized on working days also.
[17] Players who are interested in playing should fill up the forms personally. B.N.S. or Cricket Committee is not responsible to fill up any players forms.
[18] Forms can also be downloaded from our website vadsol.org.
[19] All forms will be accepted as per the bye-laws of Shree Balasinor Navyuvak Sangh.
[20] In case of any queries please feel free to contact the undersigned.

Thanking you,

**BHAVESH MODI (Secretary)** **CHIRAG PARIKH [Convener] 9821574856**

# SHREE BALASINOR NAVYUVAK SANGH PRESENTS
# M.H.DHARIA
# BPL T20 2014-15

**Second Edition of SHRI MANORAMABEN HASMUKHLAL DHARIA**
**BPL T20 will be played in Nov-Dec.**

**The owners will be as follows:**

1. SHRI NITIN KACHERIA(Thassrawala) --- KACHARIA KINGS.
2. SHRI BHAVIN RAJKUMAR MEHTA & SHRI PRATIK RAJKUMAR MEHTA(Padalwala) --- R.C.CHALLENGERS.
3. SHRI SUKETU PARIKH, SHRI TUSHAR DHARIA, SHRI SAMIR DESAI & SHRI ALKESH KADAKIA --- D.C.C. AVENGERS.
4. SHRI PARIMAL SHAH --- APEX WONDER BOYS.

The matches will be played at CENTRAL RAILWAY CRICKET GROUND, LOWER PAREL on the following tentative dates mentioned below:

**League matches :**

29TH NOVEMBER 2014, 30TH NOVEMBER 2014, 06TH DECEMBER 2014,
07TH DECEMBER 2014, 14TH DECEMBER 2014, 20TH DECEMBER 2014,

**Finals :**

21ST DECEMBER 2014 AT THE SAME VENUE.

Thanking you,

| | |
|---|---|
| **BHAVEH MODI** | **CHIRAG PARIKH** |
| **Secretary** | **Convenor** |

**Supported by committee members:**

**BPL COMMITTEE MEMBERS ARE AS FOLLOWS:**
**NIRAV DESAI, SANJEEV DHARIA, SAMIR DESAI, RIPAL PARIKH, SAMIR DHARIA, MANOJ PARIKH, ALPESH DHARIA & JIGAR KADAKIA.**

**સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ :** શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જ્યોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મૃત્યુ પામેલ સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જ્યોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યવસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

– માનદ્ મંત્રી ભાવેશ મોદી

# SHREE BALASINOR NAVYUVAK SANGH
# PRESENTS
# M.H.DHARIA
# BPL T20 2014-15

Forms for M.H.DHARIA BPL T20 have to be filled & submitted to any of the below 3 offices.

Those interested in playing the tournament have to fill the forms personally, Accepting the rules & regulations which will be handed over to them at the time of accepting the entries.

Those born after 01st august 1998 are eligible to fill the forms.

The fees for playing the entire tournament is Rs 2500.00 which will comprise of six matches and Finals if you reach.

Last date for filling the forms is 30th Aug 2014.

Please read the rules & regulations properly before filling the forms.

1) **SHREE BALASINOR NAVYUVAK SANGH :** 118/120, Ardeshardadi Street, 2nd floor V.P.Road, Mumbai - 400004

[2] **Nirav Desai** c/o Globus Holidays, 68/72 Babu Genu Road, Mumbai -2.
Contact No: 8108717979.

[3] **Alpesh Dharia** c/o Bharat Asbestos, 137, Narayan Dhuru Street, Gr. Floor, Mumbai -3.
Contact No : 9833867601.

Thanking you,

**BHAVEH MODI** — Secretary

**CHIRAG PARIKH** — Convenor

## SHREE BALASINOR NAVYUVAK SANGH
## BNS LALKHA BERA T20 TOURNAMENT 2014-2015

Last date of filling the forms for LALKHA-BERA T20 is 30TH Aug 2014. Only 60 entries will be accepted on first-cum-first basis. Fees for 2 matches will be Rs 600. Please fill your forms any of the below offices.

**[B] Nirav Desai** c/o Globus Holidays, 68/72 Babu Genu Road, Mumbai -2. Contact No: 8108717979.

**[C] Alpesh Dharia** c/o Bharat Asbestos, 137, Narayan Dhuru Street, Ground Floor, Mumbai -3. Contact No : 9833867601. Thanking you,

**CHIRAG PARIKH [Convenor] - 9821574856**

શ્રી બા.ન. સંઘ સંચાલિત
શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત

# મહિલા વિભાગ

## નવરાત્રિનો કાર્યક્રમ

મહિલા વિભાગ દ્વારા તા. ૧૧ ઓકટોબર ૨૦૧૪, શનિવારે, સ્થળઃ હિન્દી વિદ્યાભવન, મરીનલાઈન્સ, નવરાત્રિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રના નાસ્તાના પાસ રૂા. ૬૦ તથા લ્હાણીના પાસ રૂા. ૮૦ લઈ, તારીખ ૧૦મી સપ્ટેમ્બરે સંસ્થાની ઓફિસમાં આપવામાં આવશે. તે પહેલા આપ કમિટિની બહેનોને પણ પાસના પૈસા પહોંચાડી શકો છો. **સંયોજક : સોહીણી કડકીયા**
**મહિલા વિભાગ -૯૮૨૦૩૫૬૩૫૯**

## જ્યોતિપુંજ અંગે અગત્યની સુચના:-

સમાજની સર્વ સંસ્થાઓના પ્રમુખ, હોદેદારોને નમ્ર વિનંતી કે આપની સંસ્થાની માહિતી જ્યોતિપુંજમાં પ્રગટ કરવા માટે મહિનાની છેલ્લી તારીખ સુધીમાં મોકલાવી દેવી. તે જ પ્રમાણે સર્વ જ્ઞાતિજનોને નમ્ર વિનંતી કે આપની કૃતિઓ, માહિતીઓ મહિનાની છેલ્લી તારીખ સુધીમાં મોકલાવી દેવી.

ત્યારપછી આપેલી તમામ વિગતોનો બીજા મહિનાના અંકમાં સમાવેશ કરવાની ગણતરીમાં લેવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

દાંડીયા રાસ

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ (સંચાલિત)**
**શ્રીમતી મીનાબેન સુધીર ધારીઆ પુરસ્કૃત**

## ઉપનગર વિભાગ

**તારીખઃ** ૫-૧૦-૨૦૧૪ને રવિવારે સાંજે ૫.૩૦ કલાકે, **સ્થળઃ** એમ.કે.હાઈસ્કુલ હોલ, ફેકટરી લેન, બોરિવલી વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૯૨

ઘણા વર્ષો પછી દાંડીયારાસની રમઝટ ઓર્કેસ્ટ્રાના સથવારે રાખેલ છે. આપ સૌને ટ્રેડીશનલ ડ્રેસમાં રમવાની મજા પડશે. ઉંમર પ્રમાણે ગ્રુપ પાડી રમાડવામાં આવશે.

આ સાથે મણીબેન મણીલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષિક વિતરણ નર્સરી, કેજી અને ૧ થી ૯ ધોરણ ઉપનગર વિભાગમાં રહેતા બાળકો માટે રાખેલ છે.

જેમણે માર્કશીટની કોપી ન આપી હોય તો ૩૦-૮-૧૪ પહેલા કોઈપણ સંસ્થાના કાર્યકર્તાઓને પહોંચાડવી અથવા નીચે જણાવેલ વ્યક્તિને આપવી.

**(૧) હેમેન્દ્ર શાહ - બોરિવલી,** **(૨) નીમીષ ગાંધી - કાંદિવલી ,**
**(૩) અજય દોશી - અંધેરી,** **(૪) સંસ્થાની ઓફિસ - મુંબઈ**

**નોંધઃ દાંડીયારાસમાં પ્રથમ ૫૦૦ વ્યક્તિને ફ્રી કોલ્ડ્રીંક મળશે.**

**મંત્રી :**
**ભાવેશ બી. મોદી - ૮૮૭૯૪૨૨૩૦૪**

**સંયોજક**
**હેમેન્દ્ર આર. શાહ - ૯૮૨૦૦૧૧૫૮૬**

## હોસ્પીટલ સહાય યોજના - સ્વાસ્થ્ય યોજના

- શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી - સ્વાસ્થ્ય યોજના
- શ્રીમતી તારાબેન કીર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ - હોસ્પીટલ સહાય યોજના
- શ્રીમતી કમલાબેન ચીમનલાલ ધારીઆ (રંગુનવાળા) - ટ્રીટમેન્ટ ફોર કેન્સર
- ઉજસ અનીષ ગાંધી - ટ્રીટમેન્ટ ફોર બાય-પાસ સર્જરી
- શ્રીમતી દમયંતીબેન પ્રવીણચંદ્ર શાહ (ઝાટ) - ટ્રીટમેન્ટ ફોર કેટરેકટ ઓપરેશન
- શ્રીમતી કુમુદબેન છબીલદાસ શેઠ - ટ્રીટમેન્ટ ફોર કીડની ડાયાલીસીસ

## અગત્યની જાહેરાત

મંડળ સંચાલિત ઉપર્યુક્ત પ્રવૃત્તિના અનુસંધાનમા ચાલુ વર્ષે (૨૦૧૪-૨૦૧૫) હોસ્પીટલ તથા સ્વાસ્થ્ય યોજનાની સહાય લેવા ઈચ્છુક સભ્યોને નવા ફોર્મ નીચે જણાવેલ એડ્રેસ પરથી મેળવી વિગતવાર ભરીને મોકલવું.

ચંદ્રેશ પ્રવિણાચંદ્ર કડકીઆ (ખીસાદાર)નવભારત ટ્રેડીંગ કાું. ૩૩, દેવકરણ મેન્શન કંમ્પાઉન્ડ, યુનીયન બેંક ઓફ ઈન્ડીયાની બાજુમાં, લુહાર ચાલ, મુંબઈ - ૪૦૦૦૦૨, ટેન. : ૨૨૦૧૮૩૨૬

**મંત્રી : ભાવેશ મોદી** **સંયોજક : ચંદ્રેશ પ્રવિણાચંદ્ર કડકીયા (ખીસાદાર)**

---

## શ્રી મદન મોહનજી મંદિર, બાલાસિનોર

જ્યોતિપુંજના જુન ૨૦૧૪ના અંકમાં આપેલી જાહેરાત મુજબ તા. ૨૧.૧૦.૨૦૧૪ને આસોવદ ૧૩ને મંગળવારથી આસો સુદ ૧ને શુક્રવાર તા. ૨૪-૧૦-૧૪ સુધી છપ્પન ભોગ, ચુંદડી મનોરથ, નાવના દર્શન, અનકુટ, સૌ વૈષ્ણવોને વાડીમાં પ્રસાદ, ભજન સંધ્યા અને કિર્તનની મંદિરની બસો વર્ષની ઉજવણી પ્રસંગે કરવામાં આવશે. આ અંગેની વિગતવાર પરિપત્ર ૨૫-૮-૧૪ની આસપાસમાં વૈષ્ણવોને મોકલવામાં આવશે.

આ અગાઉની જાહેરાતમાં મનોરથી વૈષ્ણવ (વાલાસિનોરવાસી) લખવામા આવ્યું છે તેમા સુધારો કરી મનોરથી વૈષ્ણવો કરવામાં આવ્યો છે.

ચુંદડી મનોરથ અને નાવના દર્શનના મનોરથ માટેની નોંધણી ચાલુ છે. આપ ટ્રસ્ટીઓનો સંર્પક સાધી શકો છો. અનેક પકારની સેવાઓ સ્વીકારવામાં આવશે.

**ટ્રસ્ટીઓ : શ્રી મદન મોહનજી મંદિર ટ્રસ્ટ**
**પ્રમુખઃ રજનીકાંત કા. કડકીયા (લટકારી)**
**૯૮૨૧૦૨૯૩૪૬**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
# વિવિધ સમિતિઓ અને હોદ્દેદારોની નામાવલી

**શ્રી નટવરભાઈ મોદી (જનસાથી) પુરસ્કૃત BNS જનસાથી ટ્રોફી. શ્રી દિલીપ એમ. ધારીઆ (લાલખા) પુરસ્કૃત BNS લાલખા ટ્રોફી BNS લાલખા વેરા T-20 League શ્રી મુલજીભાઈ ચંદુલાલ ધારીઆ, શ્રી પુનમચંદ સાકરલાલ કડકીઆ. .....**

**ક્રિકેટ સમિતિ**

| | |
|---|---|
| ચિરાગ ચંદ્રકાંત પરીખ | સંયોજક |
| નિરવ જયેન્દ્ર દેસાઈ | સભ્ય |
| સંજીવ કિરીટ ધારીયા | સભ્ય |
| રીપલ બીપીન પરીખ | સભ્ય |
| સમીર રમેશ દેસાઈ | સભ્ય |
| સમીર પ્રવિણચંદ્ર ધારીઆ | સભ્ય |
| મનોજ રસીકલાલ પરીખ | સભ્ય |
| શ્રી જીગર મણીકાંત કડકીયા | કો-ઓર્ડીનેટર |
| શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ | કો-ઓર્ડીનેટર |

**શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી)**

**શ્રી મનોજભાઈ પ્રવિણચંદ્ર કચેરીયા**

**મેડીકલ X એંજીનીયરીંગ**

**શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરત)**

**પોસ્ટ ગ્રેજ્યુએશન**

**શ્રીમતી નુતનબેન અક્ષયભાઈ પરીખ (બખલી)**

**XI STD**

**શ્રીમતી માતુશ્રી મનીબેન એન. વલ્લભદાસ ગરબડદાસ ગાંધી - પ્રોફેશનલ ટેક્સ બુક પુસ્તક યોજના**

| | |
|---|---|
| જગદીશ શાંતીલાલ પરીખ | સંયોજક |
| દીપક નવનીતલાલ શાહ | સભ્ય |
| મનોજ રસીકલાલ પરીખ (બખલી) | સભ્ય |
| ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડકીયા (ખીસાદાર) | સભ્ય |
| સમીર જયેન્દ્ર ગાંધી | સભ્ય |

**શ્રીજી મેડીકલેઈમ યોજના**

| | |
|---|---|
| નિતેષ નવનીતલાલ શાહ | સંયોજક |
| ભરત કાંતીલાલ પરીખ | સભ્ય |
| નિમેષ બાબુલાલ ગાંધી | સભ્ય |

**ગિરીપુજા કોલીલાબેન પ્રવીણચંદ પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજના**

| | |
|---|---|
| દિપક નવનીતલાલ શાહ | સંયોજક |
| ચંદ્રેશ પ્રવિણચંદ કડકીયા (ખીસાદાર) | સભ્ય |
| કીર્તીભાઈ હીરાલાલ કડકીયા | સભ્ય |
| જગદીશ શાંતીલાલ પરીખ | સભ્ય |

**શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજના શ્રી મનોજભાઈ અને શ્રી અમરીષભાઈ કચેરીયા રાહત દર નોટબુક યોજના**

| | |
|---|---|
| અજય પ્રવિણચંદ દોશી | સંયોજક |
| દિક્ષિત કીર્તનલાલ પરીખ | સભ્ય |
| સુનિલ નવીનચંદ્ર મોદી | સભ્ય |
| જીતેન્દ્ર પ્રવિણચંદ પરીખ | સભ્ય |
| સમીર જયેન્દ્ર ગાંધી | સભ્ય |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | સભ્ય |
| અજય જયંતિલાલ શાહ | સભ્ય |
| ગોપાલ રમણલાલ કડકીયા | સભ્ય |
| નિમીષ બાબુલાલ ગાંધી | સભ્ય |

| | |
|---|---|
| જીગર મણીકાન્ત કડકીયા | સભ્ય |
| દિલીપ નવનીતલાલ ધારીઆ | સભ્ય |
| દીપક નવનીતલાલ શાહ | સભ્ય |
| હેમાશું હરીશ દેસાઈ | સભ્ય |
| મનોજ રસીકલાલ પરીખ | સભ્ય |
| અપૂર્વ હિરાલાલ પરીખ | સભ્ય |
| ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડકીયા | સભ્ય |

**શ્રીમતી મંજુલાબેન શાંતીલાલ મહેતા (ધરીવાલા) કોમ્પ્યુટર શિક્ષણ યોજના**

| | |
|---|---|
| અલ્પેશ યોગેશ ધારીઆ | સંયોજક |
| સમીર જયેન્દ્ર ગાંધી | સભ્ય |
| જીગર મણીકાંત કડકીયા | સભ્ય |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | સભ્ય |
| ચંદ્રેશ પ્રવિણચંદ કડકીયા | સભ્ય |
| ચિરાગ ચંદ્રકાંત પરીખ | સભ્ય |
| સૌરભ સુરેન્દ્ર પરીખ | સભ્ય |

**ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) પરિવાર દિવાળી પર્વ આર્થિક રાહત યોજના**

| | |
|---|---|
| અજીત નટવરલાલ મોદી | સંયોજક |
| ચંદ્રેશ પ્રવિણચંદ કડકીયા | સભ્ય |
| દિપક નવનીતલાલ શાહ | સભ્ય |
| જીગર મણીકાંત કડકીયા | સભ્ય |
| સમીર જયેન્દ્ર ગાંધી | સભ્ય |
| ઉર્વિર્શ રસીકલાલ મોદી (દેવ) | સભ્ય |

**શ્રીમતી ચંદનબેન મણીલાલ દોશી**

**શ્રીમતી તારાબેન કીર્તનલાલ લલ્લુભાઈ દેસાઈ**

**સ્વાસ્થ્ય / હોસ્પિટલ સહાય યોજના**

| | |
|---|---|
| ચંદ્રેશ પ્રવિણચંદ કડકીયા | સયોજક |
| કૌશીક કાંતીલાલ કડકીયા | સભ્ય |
| અજય પ્રવિણચંદ્ર દોશી | સભ્ય |

**શ્રી રજનીકાંત કાંતીલાલ કડકીયા (ધરીવાલા) રસોત્સવ**

| | |
|---|---|
| સમીર જયેન્દ્ર ગાંધી | સંયોજક |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | સભ્ય |
| ચંદ્રેશ પ્રવિણચંદ કડકીયા | સભ્ય |
| સુનિલ નવિનચંદ્ર મોદી | સભ્ય |
| દિપક નવનીતલાલ શાહ | સભ્ય |
| જીગર મણીકાંત કડકીયા | સભ્ય |
| દિલીપ નવનીલાલ ધારીઆ | સભ્ય |
| નિમીષ બાબુલાલ ગાંધી | સભ્ય |
| અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ | સભ્ય |
| અજય પ્રવિણચંદ દોશી | સભ્ય |
| સંજય જયંતિલાલ શાહ | સભ્ય |

**મેમ્બરશીપ મેનેજમેન્ટ કમિટિ**

| | |
|---|---|
| સમીર જયેન્દ્ર ગાંધી | સંયોજક |
| કિર્તી હીરાલાલ કડકીયા | સભ્ય |
| દિલીપ નવનીતલાલ ધારીઆ | સભ્ય |
| ગોપાલ રમણલાલ કડકીયા | સભ્ય |
| ચંદ્રેશ પ્રવિણચંદ કડકીયા | સભ્ય |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | સભ્ય |
| સુનિલ નવીનચંદ્ર મોદી | સભ્ય |
| દિપક નવીનભાઈ શાહ | સભ્ય |
| જીગર મણીકાંત કડકીયા | સભ્ય |
| અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ | સભ્ય |

**શ્રી સુરેન્દ્ર રતીલાલ પરીખ (સુરેન્દ્ર એન્જીનીયરીંગ કોર્પોરેશન) શ્રી દક્ષેશભાઈ અને શ્રી નિમેશ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝ) ઈન્ડોર સ્પોર્ટસ યોજના**

| | |
|---|---|
| સંજય જયંતિલાલ શાહ | સંયોજક |
| અજીત નટવરલાલ મોદી | સભ્ય |
| જીગર મણીકાંત કડકીયા | સભ્ય |

| | |
|---|---|
| જગદીશ શાંતીલાલ પરીખ | સભ્ય |
| સમીર જયેન્દ્ર ગાંધી | સભ્ય |
| દક્ષેશ સોમાલાલ પરીખ | સભ્ય |
| ગોપાલ રમણલાલ કડકીયા | સભ્ય |
| નિમીષ બાબુલાલ શાહ | સભ્ય |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | સભ્ય |
| સુનિલ નવીનચંદ્ર મોદી | સભ્ય |

**શ્રીમતી મીનાબેન સુધીર ધારીઆ (રંગુનવાળા) ઉપનગર વિભાગ**

| | |
|---|---|
| હેમેન્દ્ર રમણલાલ શાહ | સંયોજક |
| સુનિલ નવીનચંદ્ર મોદી | સભ્ય |
| ગોપાલ રમણલાલ કડકીયા | સભ્ય |
| વસંત નટવરલાલ દેસાઈ | સભ્ય |
| નિમેષ બાબુલાલ ગાંધી | સભ્ય |
| જીગર મણીકાંત કડકીયા | સભ્ય |
| દિક્ષીત કીર્તનલાલ પરીખ | સભ્ય |
| દક્ષેશ સોમાલાલ પરીખ | સભ્ય |
| સમીર જયેન્દ્ર ગાંધી | સભ્ય |
| મયુર રજનીકાંત શાહ | સભ્ય |
| અજય પ્રવિણચંદ્ર દોશી | સભ્ય |
| ભરત કાંતીલાલ પરીખ | સભ્ય |
| કમલેશ ચંદ્રકાંત દોશી | સભ્ય |
| બંકીમ રજનીકાંત પરીખ | સભ્ય |
| ઉર્મીલ નવિનચંદ્ર કડકીયા | સભ્ય |
| અજીત નટવરલાલ મોદી | સભ્ય |
| સંજય જયંતિલાલ શાહ | સભ્ય |

**શ્રી રમણલાલ ચંદુલાલ મોદી (ચોધરી) ટેલીફોન ડીરેકટરી**

| | |
|---|---|
| જાસ્મીન બીપીન શેઠ | સંયોજક |
| હેમેન્દ્ર રમણલાલ શાહ | સભ્ય |
| સમીર જયેન્દ્ર ગાંધી | સભ્ય |
| ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડકીયા | સભ્ય |
| અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ | સભ્ય |
| અજય પ્રવિણચંદ્ર દોશી | સભ્ય |
| ગોપાલ રમણલાલ કડકીયા | સભ્ય |
| કીર્તી હીરાલાલ કડકીયા | સભ્ય |
| જીગર મણીકાંત કડકીયા | સભ્ય |
| વસંત નટવરલાલ દેસાઈ | સભ્ય |
| મનોજ રસિકલાલ પરીખ | સભ્ય |
| જગદીશ શાંતિલાલ પરીખ | સભ્ય |
| દિપક નવનીતલાલ શાહ | સભ્ય |

**જ્યોતિ પુંજ**

સંયોજક -

| | |
|---|---|
| નિખીલ બાબુલાલ પરીખ | તંત્રી |
| બંકિમ રજનીકાંત પરીખ | સભ્ય |
| જતીન ન. દેસાઈ | સભ્ય |
| જીગર કડકીયા | સભ્ય |

**શ્રીમતી શાંતાબેન કાંતીલાલ લાલચંદ દોશી મહિલા વિભાગ**

| | |
|---|---|
| સોહિણી યોગેશ કડકીયા | સંયોજક |
| અમી હિતેશ ધારીઆ | સભ્ય |
| લીના મંજુલ ધારીઆ | સભ્ય |
| અલ્પા સચીન કડકીઆ | સભ્ય |
| બિજલ અનિશ ગાંધી | સભ્ય |
| દર્શના શ્રેયાંશ પરીખ | સભ્ય |
| કૃપા અમિર દેસાઈ | સભ્ય |
| સેજલ નિરવ કડકીયા | સભ્ય |
| ફાલ્ગુની આશીષ શાહ | સભ્ય |
| મનીષા નિલેષ કડકીયા | સભ્ય |

# શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

ઉપયુક્ત મંડળની ૯૦મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૨૧.૯.૧૪ના દિવસે સવારના ૯.૩૦ કલાકે કે.સી.કોલેજ, ચર્ચગેટ, મુંબઈ ખાતે આયોજિત કરવામાં આવી છે.

તા. ૨૮-૬-૧૪ના રોજ મંડળના પ્રમુખશ્રી રસિકભાઈ મણીલાલ લાકડાવાળાનું દુઃખદ અવસાન થવાથી મંડળના ઉપપ્રમુખ શ્રી અસિત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા) પ્રમુખ સ્થાને વિરાજશે.

✤✤✤✤✤

મંડળની શૈક્ષણિક સહાય લઈને અભ્યાસ પૂરો કર્યા બાદ સ્થાયી થનાર વિદ્યાર્થી મિત્ર શ્રી દિપેશ અજીત નટવરલાલ મોદી તરફથી રૂા. ૧૧,૦૦૧/- પ્રાપ્ત થયેલ છે. દાતા વિદ્યાર્થી મિત્રનો મંડળ આભાર માને છે.

✤✤✤✤✤

ચાલુ વર્ષે શૈક્ષણિક સહાયના ચેક તા ૧૯-૮-૧૪ બાદ શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજની ઓફિસમાંથી શ્રી કીર્તિભાઈ કડકીયા (લટકારી) પાસેથી બપોરના ૩.૩૦ થી ૬.૦૦ કલાક દરમિયાન કામકાજના દિવસો દરમ્યાન મેળવી લેવા.

શ્રી કિર્તીભાઈ કડકીયા (લટકારી): ઓફિસ : ૨૨૦૫૩૪૭૬, મો. ૯૮૨૧૦૨૯૨૭૦

**માનદ્‌મંત્રીઓ : મંજુલ ધારીઆ, જસ્મીન શેઠ**

COMPUTER COURSE

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

**શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા) પુરસ્કૃત**

COMPUTER COURSE

## કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ Software Academy (પ્રાર્થના સમાજ)/ M/S. Raj Software Techonology (India) LTD. (**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E)), સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે.

આ યોજના માટે સંસ્થામાં / સંયોજક પાસે ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

વધારે માહિતી માટે સંયોજક અલ્પેશ યોગેન્દ્ર ધારીઆનો સંપર્ક કરવો.

**અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ** - ટેન. ૨૩૪૨૧૭૬૫ / ૨૩૪૩૬૮૯૮ / ૯૮૩૩૮૬૭૬૦૧

Bharat Asbestos & Rubber Co., 137 Narayan Dhuru Street, Ground Floor, Mumbai - 400 003

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ**

# શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત મંડળ તથા ટ્રસ્ટની કારોબારી સમિતિની ૫મી બેઠક શ્રી દક્ષેષ બા. કડકીયાના પ્રમુખ પદે તા. ૩૦-૭-૧૪ બુધવારના રોજ શ્રીમતી સુભદ્રાબેન ન. શાહ (કોલકત્તાવાળા) મિટિંગ રૂમ, પ્રગતિ સમાજ મુંબઈ- ૨ ખાતે મળી હતી.

મંડળ તથા ટ્રસ્ટની ચોથી કારોબારી સમિતિની મિનિટ્સનું વાંચન કર્યુ અને મંજુરી મળી હતી. ગર્વનીંગકાઉન્સીલ, મેડીકલ રિલીફ, શ્રીમતી પુષ્પાબેન આર. કડકીઆ અપલીફટમેન્ટ સોસાયટી યોજના, શ્રી જતિન એન. દેસાઈ મુક્તિધામ યોજના તથા મેમ્બર રિલેટેડ સમિતિના રીર્પોટ રજૂઆત કરવામાં આવ્યા હતા. મંડળ તથા ટ્રસ્ટના વર્ષ દરમ્યાન આવેલ ડોનેશનની વિગત આપવામાં આવી હતી. ટ્રસ્ટની ૩૫મી તથા મંડળની ૮૬મી વાર્ષિક સભા તા. ૨૫-૯-૧૪ સાંજના ૭.૩૦ વાગે એસ.કે.મેમોરીયલ હોલ, હિન્દી વિદ્યા ભવન ગ્લોબલ એકેડમી, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦ ખાતે રાખવામાં આવેલ છે. તેને મેમ્બર ભાઈઓએ બહુમતી આપી હતી. મંડળ તથા ટ્રસ્ટના એન્યુઅલ રીર્પોટ (મંત્રી નિવેદનો) વાંચી સંભળાવ્યા હતા અને મંજુરી મળી હતી.

૧૩ મેમ્બરો હાજર રહ્યા હતા. ૨ મેમ્બરની લીવ આવી હતી. નાસ્તાને ન્યાય આપી સભા બરખાસ્ત થઈ હતી.

A.G.M. તા. ૨૫-૯-૨૦૧૪ ૭.૩૦ કલાકે, સ્થળ : હિન્દી વિદ્યાભવન, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૨, મંત્રીઓ : શ્રી પરેશ આર. પરીખ, શ્રી કિરીટ આર. ધારીઆ

**શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ**

શ્રી જયંતિલાલ લલ્લુભાઈ ધારિઆ (હેડમાસ્તર) તરફથી સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦/- નું દાન પ્રાપ્ત થયેલ છે. આ રકમનો સમાવેશ ટ્રસ્ટ ફંડમાં કરવામાં આવશે. સંસ્થા વતી અમો દાતાશ્રીનો આભાર વ્યક્ત કરીએ છીએ.

**માનદ્‌મંત્રીઓઃ પરેશ ર. પરીખ, કીરીટ ધારિઆ**

## જ્યોતીપુંજ અંગે અગત્યની સુચના

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ **જ્યોતિપુંજ**નું પોસ્ટીંગ દરેક મહિનાની તારીખ ૨૦ અથવા ૨૧ એ કરે છે. જે વ્યક્તિને સમયસર જ્યોતિપુંજ ન મળતુ હોય તે પોતાના સ્થાનિક પોસ્ટ ઓફિસમાં સંપર્ક કરે. સંસ્થા દર મહિનાની ૨૧ મી તારીખે વેબસાઈટ **www.balasinor.org** પર જ્યોતિપુંજ અપલોડ કરે છે તેની નોંધ લેશો. **મંત્રી : ભાવેશ મોદી**

# જાહેર નોટીસ

વર્ષ ૧૯૪૯માં આપણા સૌના વડીલોએ ગેરતપુર સ્ટેશન નજીક (હાલમાં પૂર્વ અમદાવાદ) હાથીજણ વિસ્તારમાં રહેઠાણના હેતુ માટે જમીન ખરીદેલ અને તે ધી દશાનીમા કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી. (રજીસ્ટર નંબર બી-૫૭૨) તરીકે અસ્તીત્વમાં આવેલ. મળેલ માહીતી અનુસાર ઉપરોક્ત કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીમાં ૯૫ સભ્યો નોંધાયેલ હતા. ઉપરોક્ત સોસાયટીનો વહીવટ આપણી જ્ઞાતિના વડીલ શ્રી મણીલાલ છોટાલાલ ધારીઆ સંભાળતા હતા. અને તેઓને માનદ્‌મંત્રી તરીકે ૧૯૪૯ની સાલમાં નિયુક્ત કરેલ હતા. ઉપરોક્ત સોસાયટીની જમીન ગણોતધારાના કાયદાને લીધે કોર્ટ કેસમાં હતી. ગણોતધારો રહેઠાણની સોસાયટીને લાગુ ન થાય તેવો ચુકાદો સોસાયટીની તરફેણમાં સરકારશ્રી તરફથી ૨૦૧૨માં આવી ગયેલ છે. શ્રી મણીલાલ ધારીઆ જે સને ૧૯૪૯ થી ૧૯૫૧ સુધી ઉપરોક્ત સોસાયટીના મંત્રી તરીકે ફરજ બજાવતા હતા. તેમના અવસાન બાદ તેમના જેષ્ઠ પુત્ર શ્રી ચંદ્રકાંત મણીલાલ ધારીઆએ ઉપરોક્ત જમીન સોસાયટીની જાણ વગર તથા સોસાયટીની જનરલ બોર્ડની મિટીંગ બોલાવ્યા વગર ડિસેમ્બર ૨૦૧૩માં કોઈની સંમતિ વગર વેચાણ કરેલ છે. આ માટે બોર્ટ ઓફ નોમીનીઝની અમદાવાદ કોર્ટમાં કોર્ટ કેસ નં. ૨૫૫/૧૪ તથા ૩૨૭/૧૪ દાખલ કરેલ છે. અને મનાઈ હુકમ મેળવેલા છે. આથી સર્વે સભ્યોને (વારસોને) આ સાથે જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત સોસાયટીમાં તમારા હક્ક હિત સંબંધે જેવા કે શેર સર્ટીફીકેટ, પત્રવ્યવહાર અથવા અન્ય સાહિત્ય હોય તો તે સાથે નીચેના જ્ઞાતિબંધુઓને મોકલાવી આપવા વિનંતી છે.

(૧) શ્રી પ્રવિણભાઈ દેસાઈ (દેડકી) મો. ૯૮૨૦૪૦૪૦૮૪

(૨) શ્રી પંકજભાઈ ધારીઆ (લાલખા) મો. ૯૮૨૧૦૨૮૭૬૨

(૩) શ્રી નીમીષભાઈ કડકીયા (મલમ) મો. ૯૮૧૯૪૩૭૩૨૧

તે દશાનીમા કો.ઓ.હા.સો.લી.ના સભ્યો / અગ્રગણ્ય જ્ઞાતિબંધુઓ

## બાલાસિનોર વિદ્યા મંડળ - અનુકરણીય દાન

આપણી સંસ્થાને રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ)નું માતબર દાન સંસ્થાના વર્તમાન પ્રમુખ શ્રી જશવંતભાઈ કોદરલાલ પરીખ (એડવોકેટ-નોટરી) તરફથી તેમના ધર્મપત્ની શ્રીમતી શકુંતલાબેન જશવંતલાલ પરીખની મધુર યાદમાં આપણી કોલેજના ગરીબ વિદ્યાર્થીઓ માટે ફી રાહત યોજના પેટે મળ્યું છે.

આ રકમના વ્યાજમાંથી કોલેજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને તેમની અરજી મળ્યાથી ફી રાહત આપવામાં આવશે.

સંસ્થા તથા સર્વ કારોબારી સભ્યો દાતા પરિવારનો જ્યોતિ પુંજના માધ્યમ દ્વારા જાહેરમાં આભાર વ્યક્ત કરે છે અને તેમના ઋણ સ્વીકાર સાથે પરમકૃપાળુ પરમાત્માને દાતા પરિવારના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રાર્થના કરે છે.

**બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતિ વતી**

## શ્રી ગોકુલનાથજી મંદિર સંચાલીત
# ગૌશાળા - ફગવો

આપ સૌને જણાવતા આનંદ થાય છે કે ગૌશાળાનું નુતનીકરણ થઈ ગયું છે. કુલ ગાયોની સંખ્યા ૨૭ છે. તેમના ખોરાકી માટે આપણે કાયમી મીતીની ટહેલ નાખી હતી. આપ સૌના સાથ સહકારથી ૨૨૦.મીતી આજદીન સુધી લખાયેલ છે. બાકીની મીતી. લખાવવા માટે બાલાસિનોર સ્થીત શ્રી મણીકાંત કડકીયાનો સંપર્ક સાધવા વિનંતી. મીતીની રકમ. રૂા. ૭૫૦૦/- રહેશે. વધુમાં જણાવવાનું કે આપણા ફગવામાં આગળના ભાગમાં એક પાર્ટી પ્લોટ બનાવામાં આવ્યો છે. જેમને કોઈને પણ પ્રસંગ અનુસાર જોઈતો હોય તો તેમણે શ્રી મણીકાંત કડકીયાનો સંપર્ક કરવો. મો. ૦૯૮૨૫૬૪૨૯૪૧.

**ટ્રસ્ટી મંડળ : શ્રી ગોકુલનાથજી મંદિર**

# વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓ.ક્રેડીટ સોસાયટી લીમીટેડ
# ૨૮મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ


ઉપરોક્ત સોસાયટીની ૨૮મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩-૭-૨૦૧૪ બુધવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે સમાજના પ્રમુખ શ્રી યોગેશભાઈ ધારીઆના પ્રમુખ સ્થાને તેજપાલ ઓડીટોરીયમ ખાતે મળી હતી. જેમાં ૩૫૨ સભાસદો હાજર રહ્યા હતા.

સભાની શરૂઆત સભાની કાર્યસુચિ મુજબ સભાનું કામકાજ હાથ ધરાયુ હતુ. સભા દરમ્યાન તા. ૩૧-૩-૨૦૧૪ સુધીના નફામાંથી શેર હોલ્ડર સભ્યોને ૧૫ ટકા ડીવીડન્ડની ભલામણ રજુ થઈ હતી જેને સર્વાનુમતે મંજૂરી મળી હતી.

સભા દરમ્યાન સભ્યોને માહીતગાર કરવામાં આવ્યા હતા કે K.Y.C. (Know your Customer) Updation કરવાનું ફરજીયાત થયું છે માટે નવું Recent K.Y.C. Updation કરવું જરૂરી છે. ડીવીડન્ડના વાવચરો સાથે K.Y.C. Forms આપવામાં આવશે જે સભ્યોએ સંપૂર્ણ રીતે ભરવાના રહેશે.

પ્રમુખ શ્રી યોગેશભાઈ ધારીઆએ સોસાયટીની કારકીર્દીની ટર્મ સફળતાપૂર્વક પાર પડે તથા સભ્યોમાં સહકારની ભાવના વધે તેના પ્રતિક અને ઉજવણી રૂપે હયાત્ પ્રત્યેક સભ્યોને સોસાયટી તરફથી યાદગાર ભેટ આપવી અને તે રકમ અંદાજે રૂપિયા ૬,૫૦,૦૦૦/- થી વધુ ન હોવી જોઈએ. તથા ઉપરોક્ત રકમ મેમ્બર્સ ઈન્સેન્ટીવ ફંડ અને જનરલ બોડીડીસ્પોઝલ ફંડમાંથી ફાળવવી આ બાબતે કારોબારીમાં સમિતિની મીટીંગમાં યોગ્ય ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે મંજૂરી માટે સૌ

## અલવિદા પ્રમુખશ્રી !



શ્રી રસિકલાલ મણિલાલ લાકડાવાળા

છેલ્લાં છ વર્ષથી શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળના પ્રમુખ અને બાલાસિનોર વિદ્યોતેજક ચેરીટેબલ ટ્રસ્ટનાં ચેરમેન શ્રી રસિકલાલ મણિલાલ લાકડાવાળા, તા. ૨૮-૬-૧૪નાં રોજ આપણી વચ્ચેથી વિદાયમાન થયા છે. તેમના કાર્યકાળ દરમ્યાન મુરબ્બી શ્રી રસિકભાઈ લાકડાવાળાએ વ્યક્તિગત કુનેહ અને ગતિશીલ કાર્યછટાથી મંડળને એક નવી ઉંચાઈ બક્ષી. સમાજમાં ઓછાં પ્રચલિત એવા મંડળને નવી નવી યોજનાઓ થકી જાહેરપ્રકાશમાં લાવવામાં તેમનાં પ્રયત્નો સફળ રહ્યા છે. સર્વ શક્તિમાન કાળ સામે સદેહે કોઈ અમર નથી રહી શક્યું, પણ સમાજ ઘડતરનાં પ્રયાસો અને ઉપલબ્ધિઓ થકી મુરબ્બી શ્રી રસિકભાઈ લાકડાવાળા ચીર કાળ સુધી આપણી સ્મૃતિમાં અમર રહેશે. શ્રી રસિકભાઈની નેતૃત્વશૈલીનો વારસો જાળવી મંડળ અને સમાજને પ્રગતિશીલ રાખવાની કટિબદ્ધતાનાં તર્પણ સાથે શ્રી રસિકભાઈ લાકડાવાળાને સો સો સલામના શ્રધ્ધાસુમન !

**શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ - કારોબારીનાં સભ્યો**

સમક્ષ મૂકવામાં આવી છે તે નિવેદનને સૌ સભ્યોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી અને તે મુજબનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

માનનીય શ્રી દક્ષેશભાઈ દેસાઈ, શ્રી મનીષભાઈ પરીખ, શ્રી અરવીંદભાઈ કડકીયા, શ્રી સતીષભાઈ પરીખ અને ભરતભાઈ કડકીયાએ સોસાયટીના સંચાલન અંગે વિવિધ પ્રશ્નો તથા સુચનો કર્યા હતા. જેનો સંતોષકારક જવાબ આપવામાં આવ્યો હતો.

ચેરમેન શ્રી પ્રફુલભાઈ શાહ (હાથીખાનાવાળા) તરફથી મીટીંગમાં હાજર રહેલા સૌ સભ્યોને બેગ ગીફટમાં આપવામાં આવી હતી.

પ્રમુખ શ્રી યોગેશભાઈ ધારીઆએ તેમના પ્રવચનમાં મોટી સંખ્યામાં હાજર રહેલા સભાસદોને સભા દરમ્યાન શાંતિ જાળવવા અને જરૂરી સુચનો કરવા તથા વર્ષ દરમ્યાન કાર્યવાહક સમિતિનો અને સૌના સાથ સહકાર અને હુંફ બદલ નિખાલસતાથી પ્રેમપૂર્વક આભાર માન્યો હતો.

સભાના અંતમાં શેર હોલ્ડર ભાઈઓ અને બહેનો દુઃખદ અવસાન બદલ શોક વ્યક્ત કર્યો હતો અને બે મીનીટનું મૌન પાડવામાં આવ્યું હતું.

સોસાયટી તરફતી મીટીંગ પહેલા અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**માનનીય શેર હોલ્ડરભાઈઓ તથા બહેનો**

૨૮મી વાર્ષિક સામાન્ય સભામા સર્વાનુમતે પસાર થયેલ ઠરાવ મુજબ વર્ષ ૨૦૧૩/૨૦૧૪ના વર્ષનું ૧૫ ટકા ડીવીડન્ટના વાવચરો તા. ૨૦-૮-૧૪ના રોજથી કામકાજના સમય દરમ્યાન (સોમવાર થી શનિવાર બપોરે ૧૨ થી ૬)માં સોસાયટીના કાર્યાલયમાંથી આપવામાં આવશે. આ સાથે KYC (Know your Customer)નું ફોર્મ આપવામાં આવશે જે Govt. ના નવા કાયદા મુજબ દરેક શેહ હોલ્ડર ભાઈઓ તથા બહેનોને ભરવાનું ફરજીયાત રહેશે તો દરેક મેમ્બરોને લઈ જવા વિનંતી.

**લી. મંત્રીઓ શ્રી કૌશીકભાઈ કડકીયા,**

**શ્રી મંજુલભાઈ ધારીઆ**

## હાસ્યના ઝરૂખા

**આજે આપણી આ જિંદગી હવે ઓન લાઈનમાં છે**

હવે લોકો રૂબરૂમાં તો મળતાં જ નથી આજે,
જે મળે છે બધાં તો માત્ર ઓન લાઈનમાં,
સાથે બેસીને વાતો પણ કોઈ આજે કરતું નથી,
બસ ચેટીંગ કરે છે, તેઓ માત્ર ઓન લાઈન પર.
પણ લખવાનો જમાનો હવે પૂરો થયો આજે,
અહી તો ઈ-મેલની વણઝાર ચાલી છે આજે ઓન લાઈન,
સમય કેમ બગાડવો, લાઈનમાં ઉભા રહીને,
બધીજ ટિકીટોનું બુકીંગ થઈ શકે છે આજે ઓન લાઈન પર
લગ્ન કરવાની ઉંમર હવે કોઈને ચિંતા નથી આજે,
જીવન સાથી પણ મેળવી શકાય છે અહીં આજે ઓન લાઈન પર,
પોતાનાઓ સાથે પણ ગાળવાનો સમય ક્યાં છે આજે !
સંબંધો તો સચવાશે, જો તેમા પણ હશો ઓન લાઈનપર,
મંદિરની ભીડ વચ્ચે આ અલગ લાઈન કોની ?
મુખ દર્શન માટે કર્યુ છે આતો બુકીંગ ઓન લાઈન પર,
ભાવ વિભોર થઈ પ્રભુને બે હાથ જોડયા આજે,
તમને પામવા છે, કયાં મળશો પ્રભુ તમે, ઓન લાઈન પર!!!
હસીને હરી બોલ્યાં
બહાર ક્યાંય નથી હું વસ્યો.
અંતરમાં ડૂબકી મારો તો પામશો
મને સર્વત્ર ઓન લાઈન પર

**- નયન કડકીઆ (ધનગેલા)**

# બ્રહ્મસંબંધનો ભાવાર્થ

ભગવાન કૃષ્ણથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય વ્યતિત થવાથી ભગવાનની પ્રાપ્તીને માટે હૃદયમાં જે તાપ-કલેશનો આનંદ થવો જોઈએ તે જેને તિરોધાન થયો છે એવો હું જીવ, ભગવાન કૃષ્ણ (શ્રી ગોપીજનવલ્લભ)ને દેહ, ઈન્દ્રીય, પ્રાણ, અંતઃકરણ, તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આ... લોક અને પરલોક આત્મા સહિત સર્મપણ કરુ છું, હું દાસ છું, હે કૃષ્ણ ! હું તમારો છું.

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

## ૧૮મી વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

ઉપરોક્ત સમાજની ૧૮મી વાર્ષિક સામાન્ય સભા ગુરૂવાર તા. ૨૮-૮-૨૦૧૪ના દિવસે સાંજે ૫.૪૫ કલાકે સમાજના પ્રમુખ શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર)ના પ્રમુખ સ્થાને મળશે.

સ્થળઃ જાયન્ટસ ઈન્ટરનેશનલ હોલ, ઓરિએન્ટ કલબ બિલ્ડિંગ, ૨જે માળે, ૯ ચોપાટી સીફેસ, મુંબઈ - ૪૦૦૦૦૭

દરેક સભ્યોને સમયસર આવી જવા વિનંતી છે.

**મંજુલ ધારીઆ - મંત્રી**

## પ્રકીર્ણ વિભાગ

### નવા સરનામા

1 **Swapnesh Dipak Mehta (Patpati)**
6/602, Arpan Co-operative Hsg,
V. P. Road, Opp. Vishwakarma Baug,
Near Sanyas Ashram,
Vileparle (W), Mumbai - 56
Contact No.
**Swapnesh D. Mehta -** 9321452576
**Sejal S. Mehta -** 9821452576-9870052576

2 **R.M.Desai**
2104, Shree Rati Arced,
A.K.Marg, Nana Chawk,
Mumbai - 36

3 **Sudhir Kantilal Parikh**
A-404, Satya Sai Krupa
Co.op.Hsg, Soc. Ltd.,
Simpoli Village, Sata Nagar,
Borivali (W), Mumbai - 400092

### તેજસ્વી તારલાં

(૧) **શાહ કોમલ રાજેશકુમાર**

બી.એસ.સી છઠ્ઠી સેમીસ્ટારમાં પાસ થયેલ છે.

(૨) **પ્રતિક ભૂપેન્દ્ર કડકીયા (ખીસાદાર)**

ટી.વાય બી.કોમની ફસ્ટ ટર્મમાં ૮૭ ટકા અને બીજી ટર્મમાં ૮૪ ટકાએ પાસ થયેલ છે.

**સંસ્થા તરફથી ખુબ ખુબ અભિનંદન**

### નવા ટેલીફોન નંબર

**ગોર દક્ષેશભાઈ જયંતિલાલ**
**ટે.ન.** :૦૨૨-૨૮૯૦૪૧૦૩
**મોબાઈલ:** ૦૯૫૯૪૩૨૬૨૦૨
૦૯૮૩૩૮૧૮૫૨૯

## બાલાસિનોરનું ગૌરવ

- ✤ શ્રી નીતીનકુમાર પ્રવીણચંદ્ર શાહ (સેવક) શ્રી બાલાસિનોર નગરપાલીકામાં કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે તેમની નીમણુંક થયેલ છે.
- ✤ ધ ઈલેકટ્રીક મરચંટન્સ એસોસીએશનમાં વર્ષ ૨૦૧૪-૧૫ માટેના ૬૫મા પ્રમુખ તરીકે શ્રી ભાવિક અરવિંદભાઈ પરીખ (દૂધવાળા) ની નીમણુંક થઈ છે.
- ✤ ધ બોમ્બે પાઈપ ફીટીગ મર્ચંટ્સ એસોસીએશનમાં વર્ષ ૨૦૧૪-૧૫માટે પ્રમુખ તરીકે શ્રી સમીર શીરીષ શાહ (ઉજડાવાલા)ની નીમણુંક થઈ છે.
- ✤ બ્રહન મુંબઈ લાઈસન્સ પ્લંબર એસોશીએશનના વાર્ષિક સામાન્ય સભાના દિવસે શ્રી રાજેન્દ્ર શાંતીલાલ પરીખને મોમેન્ટોને પુષ્પગુચ્છથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**સંસ્થા તરફથી બધાને હાર્દિક અભિનંદન.**

### અમૃત બિંદુ :

**તમારી પોતાની જાતને મહાન બનાવવાની નૈતિક જવાબદારી બીજા કોઈની નહિ, પણ તમારી પોતાની છે**

### મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| દેસાઈ તારાબેન મોહનલાલ (રેડીયોવાલા) | ૯૦ |
| જિતેન્દ્રભાઈ ચંદુલાલ ગાંધી | ૭૫ |
| નરેશ નવનીતલાલ ધારીઆ | ૫૮ |
| શશીકાંત ચીમનલાલ કડકીયા(ફાડીયા) | ૭૬ |
| રજનીકાંત ચીમનલાલ દેસાઈ | ૭૩ |
| દશરથ ઓચ્છવલાલ કચેરીયા | ૮૩ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**